Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 11, Issue: 138, July, 2024
Paper ID: RRJ110655
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-11-issue-138-july-2024/RRJ110655

# મોઢેરાનું સુર્યમંદિર

સંશોધન કર્તા
ચૌધરી રિંકલ
રિસર્ચ સ્કૉલર, ઇતિહાસ વિભાગ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવવર્સિટી, ગોધરા

---

**સારાંશ :**

ભારત એ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. ભારતની વિવિધતાને તેની ભૌગોલિક સંરચના, ધર્મ, ભાષા, રહેઠાણ અને સ્થાપત્ય વગેરેમાં આપણે જોઈ શકીએ છીએ. વિશ્વમાં મુખ્ય આઠ ધર્મો છે. એ આઠ ધર્મોના લોકો કોઈપણ ભેદભાવ વગર ભારતમાં વસવાટ કરે છે. આ આઠ ધર્મોમાં હિન્દુ ધર્મ સૌથી પ્રાચીન માનવામાં આવે છે. હિન્દુ ધર્મના પૂજા સ્થળને ‘મંદિર’ તરીકે ઓળખવામાં આવે છે. મંદિર સદીઓથી વાસ્તુકલા, સ્થાપત્ય અને ભવન નિર્માણમાં થયેલા વિકાસની ગાથા દર્શાવે છે. જ્યારે પૂજા સ્થળના વિકાસની વાત આવે ત્યારે બધા ધર્મ પોતપોતાના વિધાનો નક્કી કરે જે તેના વાસ્તુકલામાં જોવા મળે છે. આ વાસ્તુકલામાં અમુક શાસ્ત્રીય વિધાન હોય છે આ વિધાનોમાં દાર્શનિક વ્યાખ્યાઓ અને લોક સંસ્કૃતિનો સમાવેશ થાય છે.

**ચાવીરૂપ શબ્દો :** ભૌગોલિક સંરચના, વાસ્તુકલા, સ્થાપત્ય, શિલ્પકલા, શાસ્ત્રીય વિધાન, દાર્શનિક વ્યાખ્યાઓ, લોક સંસ્કૃતિ.

## પ્રસ્તાવના :

મંદિર સંસ્કૃત ભાષાનો શબ્દ છે. મંદિર શબ્દનો અર્થ ‘ઘર’ એવો થાય છે. મંદિર અર્થાત ભગવાનનું ઘર તથા ઉપાસના સ્થળ. મંદિરનો સર્વ પ્રથમ ઉલ્લેખ શતપથ બ્રાહ્મણમાં મળે છે. ભારતીય મહાકાવ્ય અને સૂત્ર ગ્રંથોમાં મંદિરની જગ્યાએ દેવાલય, દેવકૂલ, દેવતન, દેવગૃહ જેવા શબ્દોનો ઉપયોગ થયો છે. મંદિરને અંગ્રેજીમાં ‘ટેમ્પલ’ કહેવાય છે જે લેટિન શબ્દ ‘ટેમ્પલમ’ પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ ‘ભૂમિનો પવિત્ર ટુકડો’ એવો થાય છે. આ ઉપરાંત મંદિરને કન્નડમાં ‘દેવસ્થાન’ અને ‘ગુડ્ડી’, તમિલમાં ‘કોવિલ’, તેલુગુમાં ‘આલયમ’ અને મલયલમમાં ‘ક્ષેત્રમ’ શબ્દનો પ્રયોગ થાય છે. વર્તમાન સમયે મંદિર શબ્દ બૌદ્ધ અને જૈન ધર્મના ઉપાસના સ્થળો માટે પણ વપરાય છે. ભારતમાં પૂજા સ્થળ તરીકે મંદિરનું નિર્માણ ક્યારે શરૂ થયું તેનો કોઈ સ્પષ્ટ પુરાવો મળતો નથી. વર્તમાન સમયમાં મંદિર ધર્મ અને વિશ્વાસનું જીવંત પ્રતિક છે.

## મોઢેરાનું સુર્યમંદિર :

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 11, Issue: 138, July, 2024
Paper ID: RRJ110655
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-11-issue-138-july-2024/RRJ110655



મોઢેરાનું સુર્ય મંદિર એ ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાની પુષ્પાવતી નદીના કિનારે સ્થિત છે. આ મંદિરનું નિર્માણ ઈ. સ. ૧૦૨૬-૨૭માં સોલંકી વંશના રાજા ભીમદેવ પ્રથમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ મંદિર હિન્દુ દેવતા સુર્યને સમર્પિત છે. આથી ‘સુર્ય મંદિર’ તરીકે પણ ઓળખાય છે.

**વાસ્તુકલા :**

આ મંદિર મારુ-ગુજ્જર શૈલીની વાસ્તુકલાનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે. મારુ-ગુજ્જર શૈલી ગુજરાતની ‘મહા-ગુજ્જર’ અને રાજસ્થાનની ‘મારુ-ગુજ્જર’ શૈલીનું મિશ્રણ છે. આ શૈલીની શરૂઆત ગુજરાતમાં સોલંકી શાસકો દ્વારા કરવામાં આવી હતી. મારુ-ગુજ્જર શૈલીમાં બનેલા મંદિરોને અંદરથી ખુબ જ સુંદર રીતે સજાવવામાં આવે છે. સુર્ય મંદિર પરિસરમાં મુખ્ય ત્રણ ભાગ છે. (૧) સૂર્યકુંડ (૨) સભા મંડપ (3) ગર્ભગૃહ.

**સૂર્યકુંડ :**



સૂર્યકુંડ કે જેને ‘બાવડી’ કે ‘રામકુંડ’ તરીકે પણ ઓળખાય છે. આ સુર્ય મંદિર પરિસરની એક મુખ્ય વિશેષતા છે. સુર્યકુંડ એ મંદિરના આગળના ભાગમાં આવેલું એક તળાવ છે જેની ચારે બાજુ નાના નાના મંદિર આવેલા છે. કુંડની અંદર પગથિયા દ્વારા ઉતરી શકાય છે. આ તળાવનો ઉપયોગ અનુષ્ઠાનિક સ્નાન માટે થતો હશે. તે પોતાના નક્કાશી કામ અને વાસ્તુકલા માટે પ્રખ્યાત છે. આ કુંડ કિનારા ઉપર જલશાયી વિષ્ણુ, ત્રિવિક્રમ, દેવી શીતળા વગેરેની મૂર્તિ અને મંદિર આવેલા છે.

**સભા મંડપ :**

સભા મંડપ એ સુર્ય મંદિરનો એક ભાગ છે. સભા મંડપ ઘણા સ્તંભોનો બનેલો છે અને આ સ્તંભો ઉપર કોતરણી કારવામાં આવી છે. સભા મંડપની અંદરની દીવાલો ઉપર મહાભારતના દ્રશ્યો અને બહારની દીવાલો ઉપર કામુક જોડીઓના દ્રશ્યોને ઉકેરવામાં આવ્યા છે. એવું માનવામાં આવે છે કે, પ્રાચીન સમયમાં સભા મંડપનો ઉપયોગ ધાર્મિક સમારોહ અને પ્રદર્શનો માટે થતો હશે.

**ગર્ભગૃહ :**

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 11, Issue: 138, July, 2024
Paper ID: RRJ110655
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-11-issue-138-july-2024/RRJ110655

ગર્ભગૃહ મંદિરનો મુખ્ય ભાગ છે જેમાં સૂર્યદેવની મૂર્તિ છે. સૂર્યદેવની મૂર્તિના મુકુટમાં એક મણી હતી. ગર્ભગૃહ એ રીતે બનાવવામાં આવ્યું કે સૂર્યની પ્રથમ કિરણ ગર્ભગૃહમાં રહેલી મૂર્તિના મુકુટની મણી પર પડે જેથી સૂર્યનું કિરણ પડતા જ મણીના પ્રકાશથી આખું મંદિર ઝગમગી ઊઠતું પરંતુ વર્તમાનમાં એ મણી નથી.

## મોઢેરામાં ઉજવાતો ઉત્તરાર્ધ ઉત્સવ :



પ્રાચીન શાસ્ત્રીય નૃત્ય પરંપરાને જીવંત રાખવા માટે પ્રતિવર્ષ ઉતરાયણ પછી તરત મોઢેરા સુર્ય મંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવ ઉજવાય છે. આ ઉત્સવની શરૂઆત ગુજરાત સરકાર દ્વારા ઈ. સ. ૧૯૯૨માં કરવામાં આવી હતી. એવું માનવામાં આવે છે કે પ્રાચીન સમયમાં સોમનાથ, તિરૂપતિ જેવા મંદિરોમાં નર્તકીઓ પોતાના ઇષ્ટદેવને રીઝવવા માટે નૃત્ય કરતી હતી. આ ઉત્સવ પણ એજ પરંપરાને મળતો આવે છે. આ ઉત્સવમાં ભરતનાટ્યમ, કથકલી, મણિપુરી, ઓડીશી જેવા નૃત્યોની પ્રસ્તુતિ થાય છે. આ ત્રણ દિવસના ઉત્સવમાં આપણને શિલ્પકલા અને નૃત્યકલાનો અનેરો સંગમ જોવા મળે છે.

૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ મોઢેરામાં સૂર્યમંદિર ખાતે સૂર્યનમસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં લગભગ ૪૦૦૦ જેટલા લોકો સામૂહિક સૂર્યનમસ્કાર કરવા માટે એકત્ર થયા હતા. આ ગુજરાતમાં આયોજિત સૌથી મોટું સુર્ય નમસ્કાર પ્રદર્શન હતું. જેનું મોઢેરા સિવાય અન્ય ૧૦૭ જગ્યાઓએ આયોજન થયું હતું. આ સુર્ય નમસ્કાર પ્રદર્શનએ 'ગિનીજ બૂક ઓફ વર્લ્ડ રિકોર્ડ'માં સ્થાન મેળવ્યું હતું.

## ઐતિહાસિક મહત્વ :

મોઢેરાનું સૂર્યમંદિર સોલંકીકાલીન હોવાથી ઐતિહાસિક મહત્વ ધરાવે છે. વર્તમાન સમયમાં પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મંદિરની વાસ્તુકલા અને નક્કાશી કાર્ય દેશ-વિદેશના પર્યટકોને પ્રભાવિત કરે છે. આ મંદિર એક સંરક્ષિત પુરાતાત્વિક સ્થળ છે. એના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને બનાવી રાખવા માટે તેના વાસ્તુશિલ્પ તત્વોને પુનઃ સ્થાપિત કરવાનો પ્રયાસ શરૂ થયો છે.

## સંદર્ભસૂચિ :

### ગુજરાતી :

1. માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર – ગુજરાતના લોકોત્સવો અને મેળાઓ – વર્ષ : ૨૦૧૯-૨૦૨૦.

2. જોરવરસિંહ જાદવ – ગુજરાતનો લોકકલા વૈભવ – વર્ષ : ૨૦૧૯-૨૦૨૦.
3. માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર – ગુજરાત એટ-અ-ગ્લાન્સ – વર્ષ : ૨૦૧૮-૧૯.
4. માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર – ગુજરાતની સ્થાપત્યકલા –વર્ષ : ૨૦૧૯-૨૦

**ENGLISH :**

1. Prof. Kirti Trivedi – HINDU TEMPLE : MODELS OF A FRACTAL UNIVERSE, Online Available : http://akashfoundation.com, 31st January 1993.

**WEBSITE :**

2. https://www.gujarattourism.com
3. https://tv9gujarati.com